# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

# શુક્રવાર, ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૪

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ:** [ક્લાઈમેટ ચેન્જ - આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ - ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ - કાયદો - વૈધાનિક અને સંસદીય બાબતો - વન અને પર્યાવરણ - ન્યાયતંત્ર - પ્રવાસન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ].

**કુલ પ્રશ્નો 60**

----

### ગીર સોમનાથ જિલ્લાના તાલાલા શહેરમાં નવું સામૂહિક આરોગ્ય કેન્દ્ર

15/4/1360 *1 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના તાલાલા શહેરના સામૂહિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડીંગના નવીનીકરણનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે?

----

### જામનગર ખાતે નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલનું બાંધકામ

15/4/1142 *2 **શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર (ઉત્તર)):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જામનગર ખાતે નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલના બાંધકામનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે?

----

## નડાબેટ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યા

15/4/1137 *3 **શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠાના નડાબેટ ખાતે આવતા પ્રવાસીઓ માટેની સુવિધાઓ વિકસાવવાથી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેની વિગતો શું છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

----

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ડિગ્રી ઈજનેરી વિદ્યાર્થીઓને સહાય

15/4/1853 *4 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ટેકનિકલ શિક્ષણ હેઠળના ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં રાજ્યના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની ઉચ્ચ શિક્ષણ સહાય આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે?

----

## સાબરમતી યુનિવર્સિટી સામે ગેરરીતિ બદલ કાર્યવાહી

15/4/1859 *5 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાબરમતી યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ગેરકાયદેસર ડીગ્રીઓ આપવા તથા છેતરપીંડી કરવા અંગે નિમાયેલ તપાસ સમિતિનો અહેવાલ સરકારને તા.૧૯-૦૬-૨૦૨૦ના રોજ મળેલ છે તે હકીકત સાચી છે,

(૨) ઉક્ત મળેલ અહેવાલ અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગેરરીતિઓ બદલ

સરકારે ઉક્ત યુનિવર્સિટી સામે શી કાર્યવાહી કરી છે?

----

## આયુષ્માન કાર્ડ અને રાશનકાર્ડ લિંક ન થવા બાબત

15/4/1514 *6 **શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે (માંડવી):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં આયુષ્માન કાર્ડ અને રાશનકાર્ડ લિંક ન થવા અંગેની કેટલી ફરિયાદો મળી,

(૨) રાશનકાર્ડ અને આયુષ્યમાન કાર્ડની ભાષાઓ અલગ હોવાથી લિંક કરવામાં સમસ્યા થાય છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો આ સમસ્યાનો ઉકેલ લાવવા સરકારે શાં પગલાં લીધા?

----

## પોરબંદર અને જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ

15/4/1864 *7 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પોરબંદર અને જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે કયા સ્થળોને વિકસાવવામાં આવેલ છે,

(૨) ઉક્ત વિકસાવેલ પ્રવાસન સ્થળવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી?

----

## રાજ્યમાં આયુર્વેદ અધિકારી વર્ગ-૧નું મંજૂર મહેકમ

15/4/1876 *8 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આયુર્વેદ અધિકારી વર્ગ-૧નું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ બે વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## પ્રમુખ સ્વામી મહારાજના જન્મ સ્થળને પ્રવાસન તરીકે વિકસાવવા બાબત

15/4/1136 *9 **શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના ચાણસદ ખાતે આવેલ પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના જન્મ સ્થળને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે કોઈ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

----

## દાંતીવાડા જળાશયને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા બાબત

15/4/942 *10 **શ્રી માવજીભાઈ મગનભાઈ દેસાઈ (ધાનેરા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં આવેલ દાંતીવાડા જળાશયને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા સરકારનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શુંં છે?

----

## એમબીબીએસ પાસ થયેલ ઉમેદવારોને આખરી ડીગ્રી સર્ટીફિકેટ આપવા બાબત

15/4/1839 *11 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજામાં સત્રમાં તા.૨૦-૦૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક:૧૨૪૦૮(અગ્રતા-૨૬)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગ્રામ્ય વિસ્તારોમાં ડોક્ટરોની ઘટ નિવારી શકાય તે માટે સરકારી મેડિકલ કોલેજોમાંથી

એમ.બી.બી.એસ. પાસ થઈને ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડોક્ટરોને સરકાર પ્રોવીઝનલ સર્ટીફિકેટ આપીને ત્રણ વર્ષ ફરજિયાત સરકારી હોસ્પિટલોમાં સેવા બજાવ્યા બાદ જ આખરી ડીગ્રી સર્ટીફિકેટ આપવાની બાબત કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કરીને યોગ્ય વિચારણા કરવાની હતી, તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ બાબતે વિચારણા થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વિચારણાને અંતે શું નિર્ણય લેવાયેલ છે?

----

## ભરૂચ જિલ્લાના કબીરવડને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત

15/4/1139 *12 **શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આવેલ કબીરવડને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે કોઈ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

----

## દાહોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

15/4/1129 *13 **શ્રી કનૈયાલાલ બચુભાઈ કિશોરી (દાહોદ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

----

## રાજ્યમાં પ્રવાસન જાહેરાતો અને કાર્યક્રમો પાછળ ખર્ચ

15/4/1855 *14 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પ્રવાસન અંગેની

જાહેરાતો અને કાર્યક્રમો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## દાંતા અને અમીરગઢ તાલુકામાં જંગલમાંથી પસાર થતા રસ્તાઓની મંજૂરી

15/4/1697 *15 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં વનવિસ્તારમાં રસ્તા બનાવવાની મંજૂરી માંગતી કેટલી દરખાસ્તો સરકારને મળી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા રસ્તાઓ બનાવવા માટેની દરખાસ્તોને મંજૂરી અપાઈ?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

15/4/1837 *16 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

----

## વલસાડ જિલ્લામાં વનવિભાગ દ્વારા રોડ માટે બાકી મંજૂરી

15/4/1520 *17 **શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ (વલસાડ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વલસાદ જિલ્લાનો વલસાડ-ગુંદલવ-ખરેગામ રોડના બાંધકામને વનવિભાગની મંજૂરી મળેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨)જો હા, તો ઉક્ત મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે?

----

## રાજ્યમાં મહોત્સવો પાછળ ખર્ચ

15/4/1842 *18 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં નવરાત્રિ મહોત્સવ, પતંગોત્સવ અને રણોત્સવ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ પૈકી કેટલો ખર્ચ જમવા, રહેવા અને ટ્રાન્સપોર્ટેશન માટે કરવામાં આવ્યો?

----

## રાજુલા અને જાફરાબાદ તાલુકામાં જંગલી હિંસક પ્રાણીઓ દ્વારા પાલતુ પશુઓનું મારણ

15/4/870 *19 **શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી (રાજુલા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજુલા અને જાફરાબાદ તાલુકામાં જંગલી હિંસક પ્રાણીઓ દ્વારા પાલતુ પશુઓના મારણ કરવામાં આવે છે, તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત તાલુકાના કયા કયા ગામમાં કેટલા પશુઓના મારણ કરવામાં આવેલ છે, અને

(૩) મારણ કરવામાં આવેલ પશુઓના માલિકોને કેટલી સહાય ચૂકવવામાં આવી છે અને કેટલી સહાય ચૂકવવાની બાકી છે?

----

## મગફળીના ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે ઈન્કવાયરી કમિશન

15/4/1871 *20 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ટેકાના ભાવે ખરીદેલ મગફળી સંગ્રહ કરેલ ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે તપાસ કરવા માટે કમિશન ઓફ ઈન્કવાયરી એક્ટ હેઠળ કાયદા વિભાગે તા.૦૯-૦૯-૨૦૨૧ના નોટીફીકેશનથી ઈન્કવાયરી કમિશનની રચના કરેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ઈન્કવાયરી કમિશનને કયા કયા ગોડાઉન સંબંધિત તપાસ સોંપવામાં આવેલ,

(૩) ઉક્ત કમિશનને કેટલા સમયમાં તપાસ અહેવાલ આપવાનો હતો,

(૪) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત કમિશનની મુદતમાં ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૫) ઉક્ત સ્થિતિએ અહેવાલ સરકારને ક્યારે મળેલ છે અને તેની મુખ્ય વિગતો શી છે?

----

## સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપને ફાળવેલ જમીન

15/4/1870 *21 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપની વન વિભાગ હસ્તકની કયા સ્થળે અને કેટલી જમીન મેળવવા માટેની અરજીઓ/માંગણીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત કંપનીને વન વિભાગ હસ્તકની કેટલી જમીન કયા ભાવે ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ વન વિભાગની ફાળવેલ જમીન અન્વયે વળતર વનીકરણ પેટે કેટલી રકમ મેળવવામાં આવી અને કયા સ્થળે કેટલી જમીન મેળવવામાં આવી છે?

----

## માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત સહાય

15/4/1150 *22 **પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનામાં કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪માં ઉક્ત યોજના અંતર્ગત મેડિકલના કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચુકવવામાં આવેલ છે?

----

## રાજ્યમાં નવા સફારી પાર્ક

15/4/1120 *23 **શ્રી જયસુખભાઈ વલ્લભભાઈ કાકડિયા (ધારી):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કોઈ નવા સફારી પાર્ક બનાવવાનું આયોજન છે, કે કેમ,

(૨) જો હા, તો કેટલા સફારી પાર્ક બનાવવામાં આવનાર છે, અને

(૩) આ સફારી પાર્ક ક્યાં સુધીમાં તૈયાર થશે?

----

## રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે સહાય

15/4/1122 *24 **શ્રી અમુલ ભટ્ટ (મણીનગર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સિંહના સંરક્ષણ માટે ગુજરાત રાજ્ય દ્વારા કેન્દ્ર સરકાર પાસે નાણાંકીય સહાય માંગેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારે અને કઈ કઈ બાબતો માટે સહાય માંગવામાં આવી હતી, અને

(૩) આ અંગે કેટલી સહાય મળી?

----

## સાસણ ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓ માટે સુવિધાઓ

15/4/1140 *25 **શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંહ દર્શન માટે જુનાગઢ જિલ્લામાં આવેલ સાસણ ખાતે પ્રવાસીઓની સુવિધાઓ માટે કોઈ કામગીરી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે?

----

## નખત્રાણા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/4/1086 *26 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ,

(૨) તે પૈકી કઈ કઈ જાતના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

----

**પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ- ગાંધીનગરના કામોમાં ગેરરીતિ**

15/4/1844 *27 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક:૩૧૨૧૭ (અગ્રતા-૭૩)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ કામોમાં નાણાકીય ગેરરીતિની મળેલ ફરીયાદોના અનુસંધાને તપાસની પ્રક્રિયા પ્રગતિ હેઠળ હતી તે તપાસ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત તપાસ કોને સોંપવામાં આવેલ,

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી ફરિયાદો સામે તપાસ પૂર્ણ થઈ અને કેટલી ફરિયાદો સામે તપાસ ચાલુ છે, અને

(૪) પૂર્ણ થયેલ હોય તેવી કેટલી તપાસોમાં કેટલી નાણાકીય ગેરરીતિ થયાનું સામે આવ્યું?

----

**કઠલાલ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

15/4/1125 *28 **શ્રી રાજેશકુમાર મગનભાઈ ઝાલા (કપડવંજ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લાના કઠલાલ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

**વડોદરા જિલ્લામાં પાણી અને હવાનું પ્રદૂષણ ફેલાવતા એકમો**

15/4/1131 *29 **શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ ઇનામદાર (સાવલી):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો દ્વારા પાણી અને હવાનું પ્રદુષણ ફેલાવવામાં આવતું હોવા અંગેની કેટલી ફરીયાદ સરકારને મળી,

(૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે કયા એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) કયા એકમોને હવા અને પાણીના પ્રદુષણ ફેલાવવા સબબ બંધ કરવામાં આવ્યા?

----

## રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે મળેલ સહાય

15/4/1019 *30 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંહોના સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે નાણાકીય સહાય માંગવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા તો, ક્યારે અને કઈ બાબતો માટે સહાય માગવામાં આવી હતી, અને

(૩) ઉકત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળેલ છે ?

----

## પ્રવાસન પ્રભાગમાં કર્મચારીઓની ભરતી

15/4/1858 *31 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પ્રવાસન પ્રભાગ હસ્તકના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/ આઉટસોર્સીંગથી કરવામાં આવી, અને

(૩) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી ભરતી કરવામાં અનામત બેઠકો રાખવામાં આવે છે કે કેમ?

----

## મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/4/1124 *32 **શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી (ખેરાલુ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## વડોદરા ખાતેની ફુડ એન્ડ ડ્રગ્સની પેથોલોજી લેબના સાધનોની ખરીદીમાં ગેરરીતિ

15/4/1866 *33 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૦૧-૦૪-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક: ૩૯૫૪૯ (અગ્રતા-૨૫૨)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) વડોદરા ખાતેની ફુડ એન્ડ ડ્રગ્સની પેથોલોજી લેબના સાધનોની ખરીદીમાં વ્યાપક ગેરરીતિઓ થયેલ તેની પ્રાથમિક તપાસ ચાલુ હતી તે તપાસ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત તપાસમાં સાધનોની ખરીદીમાં કેટલી રકમની ગેરરીતિ સામે આવી, અને

(૩) તે અન્વયે કયા જવાબદારો સામે શા પગલાં લીધાં?

----

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ તબીબી શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને સહાય

15/4/1146 *34 **શ્રી રમેશભાઇ વીરજીભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ કેટલા તબીબી શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને ટ્યુશન, બુક અને હોસ્ટેલ માટે સહાય આપવામાં આવી, અને

(૨) ઉક્ત યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ કેટલી સહાય આપવામાં

આવી?

----

**રાજ્યની સેલ્ફ ફાયનાન્સ મેડિકલ કોલેજોમાં ફીનું ધોરણ**

15/4/1405 *35 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યની સેલ્ફ ફાયનાન્સ મેડીકલ કોલેજોમાં ફીનું ધોરણ શું રાખવામાં આવ્યું છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફીમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત કોલેજોની ફી વધારવાના કારણો શા છે?

----

**રાજ્યમાં સિંહ સંવર્ધન-સંરક્ષણ**

15/4/1121 *36 **ડૉ. પ્રદ્યુમન ગનુભાઈ વાજા (કોડીનાર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ પગલાં લીધેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો શું પગલાં લેવામાં આવેલ છે?

----

**વેરાવળ તાલુકાનાં આજોઠા ગામે નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવા બાબત**

15/4/1334 *37 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગીર સોમનાથના વેરાવળ તાલુકાનાં આજોઠા ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વેરાવળ-ભાવનગર હાઈવેમાં કપાત થાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ગામે નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવાનું કોઈ આયોજન છે?

----

**સાબરમતી યુનિવર્સિટી સામે ગેરરીતિ બદલ કાર્યવાહી**

15/4/1867 *38 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાબરમતી યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ગેરકાયદેસર ડીગ્રીઓ આપવા તથા છેતરપીંડી કરવા અંગે નિમાયેલ તપાસ સમિતિનો અહેવાલ સરકારને તા.૧૯-૦૬-૨૦૨૦ના રોજ મળેલ છે તે હકીકત સાચી છે,

(૨) ઉક્ત મળેલ અહેવાલ અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગેરરીતિઓ બદલ સરકારે ઉક્ત યુનિવર્સિટી સામે શી કાર્યવાહી કરી છે?

----

**મગફળીના ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે ઈન્ક્વાયરી કમિશન**

15/4/1877 *39 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ટેકાના ભાવે ખરીદેલ મગફળી સંગ્રહ કરેલ ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે તપાસ કરવા માટે કમિશન ઓફ ઈન્કવાયરી એક્ટ હેઠળ કાયદા વિભાગે તા.૦૩-૦૩-૨૦૨૨ના નોટીફીકેશનથી ઈન્કવાયરી કમિશનની રચના કરેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ઈન્ક્વાયરી કમિશનને કયા કયા ગોડાઉન સંબંધિત તપાસ સોંપવામાં આવેલ,

(૩) ઉક્ત કમિશને કેટલા સમયમાં તપાસ અહેવાલ આપવાનો હતો,

(૪) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત કમિશનની મુદતમાં ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૫) ઉક્ત સ્થિતિએ અહેવાલ સરકારને ક્યારે મળેલ છે અને તેની મુખ્ય વિગતો શું છે?

----

**સ્ટેટ લેવલ વેટલેન્ડ ઓથોરીટીની રચના**

15/4/1840 *40 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) વન અને પર્યાવરણ વિભાગના તા.૧૫-૦૫-૨૦૧૭ના ઠરાવથી સ્ટેટ લેવલ વેટલેન્ડ ઓથોરીટીની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ તેના સભ્યો કોણ છે અને છેલ્લા બે વર્ષમાં ઉક્ત ઓથોરીટીની ક્યારે બેઠકો મળી?

----

## સિવિલ હોસ્પિટલ, અમદાવાદની બ્લડ બેંકમાં લોહીની બોટલો

15/4/1857 *41 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં સ્વૈચ્છિક રક્તદાનમાં લોહીની કેટલી બોટલો એકત્રિત કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ બોટલો પૈકી કેટલી બોટલો સરકારી અને ખાનગી હોસ્પિટલોને આપવામાં આવી,

(૩) એકત્રિત થયેલ ઉક્ત લોહીની બોટલોમાંથી ઉક્ત વર્ષવાર કેટલી બોટલો કયા કારણોસર નાશ કરવામાં આવી, અને

(૪) એકત્રિત થયેલ લોહીનો નાશ ન કરવો પડે તે માટે શા પગલા લેવામાં આવ્યા?

----

## બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ

15/4/1698 *42 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કયા સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવ્યાં, અને

(૨) તે અનૂવયે કયા સ્થળ માટે કેટલી રકમ મંજૂર કરી અને કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સામુહિક વનનિર્માણ યોજના

15/4/1849 *43 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર

અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર સામુહિક વનનિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે?

(૨) તેમાં મુખ્યત્વે ક્યાં પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## વલસાડ તાલુકાના પારનેરા ડુંગરના વિકાસ માટે ગ્રાન્ટ

15/4/1523 *44 **શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ (વલસાડ):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ તાલુકાના પારનેરા ડુંગરના વિકાસ માટે કોઈ ગ્રાન્ટ મંજૂર કરેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ડુંગરના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવવાનું સરકારનું શું આયોજન છે?

----

## સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૧ની ખાલી જગ્યાઓ

15/4/1843 *45 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંકઃ ૩૮૮૨૩ (અગ્રતા-૮)ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૧ની ૨૯૬ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન હતું તે પૈકી કેટલી જગ્યાઓ તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૧ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરાઈ હોય તો તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## ગીર અભયારણ્યમાં પેરાપેટ વિનાના ખુલ્લા કૂવાઓ

15/4/1873 *46 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગીર અભયારણ્ય અને નેશનલ પાર્કમાં વસતા સિંહ તથા અન્ય રક્ષિત વન્ય પ્રાણીઓ પેરાપેટ વિનાના ખુલ્લા કૂવામાં પડીને ઈજા અને મૃત્યુ પામે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ગીર અભયારણ્ય અને નેશનલ પાર્ક નજીક કેટલા ખુલ્લા કૂવાઓ આવેલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખુલ્લા કૂવાઓ ક્યાં સુધીમાં પેરાપેટ વોલથી સુરક્ષિત કરવાનું આયોજન છે?

----

## રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૩ની ખાલી જગ્યાઓ

15/4/1875 *47 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક:૩૮૮૪૧ (અગ્રતા-૩)ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૩ની ૨૭૮ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન હતું તે પૈકી કેટલી જગ્યાઓ તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૩ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરાઈ હોય તો તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## લખપત તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/4/1165 *48 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ,

(૨) તે પૈકી કઈ કઈ જાતના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

----

## રણ ઉત્સવમાં ભાગ લીધેલ પ્રવાસીઓ

15/4/1845 *49 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રણ ઉત્સવમાં કેટલા પ્રવાસીઓએ ભાગ લીધેલ હતો,

(૨) ઉક્ત પ્રવાસીઓમાં ઉક્ત વર્ષવાર કેટલા વિદેશી પ્રવાસીઓ હતા,

(૩) રણ ઉત્સવમાં ઉક્ત વર્ષવાર તથા સફેદ રણ થકી રાજ્ય સરકારને પ્રવાસીઓની એન્ટ્રી ફીથી કેટલી આવક થઈ, અને

(૪) રણ ઉત્સવમાં ઉક્ત વર્ષવાર ક્રાફ્ટસ્ટોલ, ફૂડસ્ટોલ કેટલા હતા અને કેટલું વેચાણ થયું?

----

## આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલનું બાંધકામ

15/4/1860 *50 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૦૧-૦૪-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૫૪૬ (અગ્રતા-૧૦૫)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) આણંદ જિલ્લામાં વ્યાયામ શાળામાં સિવિલ હોસ્પિટલ બાંધવા/બનાવવા અંગે તા. ૨૩-૦૯-૨૦૨૦ના રોજ મંજૂરી આપવામાં આવેલ તે અંગે પ્લાનીંગની મંજૂરી અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત સિવિલ હોસ્પિટલની કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## આઉટસોર્સથી ભરાયેલ કર્મચારીઓને ઓછું મહેનતાણું ચૂકવવા બાબત

15/4/1406 *51 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદની સરકારી હોસ્પિટલ અને મેડીકલ કોલેજોમાં આઉટસોર્સીંગથી સંવર્ગવાર કુલ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર જગ્યાઓનું માસિક મહેનતાણું કેટલું નિયત થયેલ છે,

(૩) આઉટસોર્સ કર્મચારીને નિયત દર કરતાં ઓછું મહેનતાણું ચૂકવાય છે તે હકીકત સાચી છે, અને

(૪) જો હા તો, ઉક્ત બાબતે રાજ્ય સરકારે સંબંધિત એજન્સી સામે શી કાર્યવાહી કરી?

----

## ગીર સોમનાથ જિલ્લામાં વન્યપ્રાણીઓ દ્વારા હુમલા

15/4/1653 *52 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં વન્યપ્રાણીઓ દ્વારા માનવો પર કેટલા હુમલા થયા,

(૨) થયેલ હુમલાથી કેટલા લોકો મૃત્યુ પામ્યા અને કેટલા ઈજાગ્રસ્ત થયા,

(૩) ઈજાગ્રસ્ત કે મૃત્યુ પામેલ પરિવારોને સરકાર દ્વારા કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલા પરિવારોને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૪) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

----

## રાજ્યમાં પર્યાવરણ સંબંધી ડેઝીગ્નેટેડ/ખાસ અદાલતો

15/4/1869 *53 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પર્યાવરણ સંબંધી ડેઝીગ્નેટેડ અથવા ખાસ અદાલતો કેટલી અને કયા સ્થળે ચાલે છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી અદાલતોની ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

----

## રાજ્યમાં સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ

15/4/1878 *54 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંકઃ ૩૮૮૦૮ (અગ્રતા-૧૦૮)ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં સરકારી કોલેજોમાં વર્ગ-૨ની ૪૪૭ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન હતું તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ સરકારી કોલેજોમાં વર્ગ-૨ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરાઈ હોય તો તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## દાંતા અને અમીરગઢ તાલુકામાં રોપાઓનું વાવેતર

15/4/1699 *55 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો?

----

## જામજોધપુર તાલુકાના જીણાવારી ગામ ખાતે આવેલ સૂર્યમંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત

15/4/1865 *56 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જીલ્લાના જામજોધપુર તાલુકાના જીણાવારી ગામ ખાતે આવેલ સૂર્યમંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે કોઈ

કામગીરી કરવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત મંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા ક્યા કામ કરેલ છે અને ક્યા બાકી છે, અને

(૩) ઉક્ત બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## રણ ઉત્સવમાં ટેન્ટ બનાવવા બાબત

15/4/1874 *57 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છના રણ ઉત્સવમાં ટેન્ટ કઈ એજન્સી દ્વારા બનાવવામાં/બાંધવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને રોયલ્ટી મારફતે કેટલી આવક થઈ?

----

## લખપત તાલુકાનાં પાન્ધ્રો ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

15/4/1345 *58 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત તાલુકાનાં પાન્ધ્રો ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે કોઈ આયોજન છે કે કેમ ,અને

(૨) જો હા, તો ક્યારે મંજૂરી આપવામાં આવેલ છે?

----

## રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૨ની ખાલી જગ્યાઓ

15/4/1846 *59 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક: ૩૮૮૩૫ (અગ્રતા-૧૫)ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૨ની ૧૩૯ જગ્યાઓ ખાલી હતી તે

જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન હતું તે પૈકી કેટલી જગ્યાઓ તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૨ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરાઈ હોય તો તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

**નેશનલ હેલ્થ મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર પાસેથી મળેલ ગ્રાન્ટ**

15/4/1407 *60 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નેશનલ હેલ્થ મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને કેટલી ગ્રાન્ટ મળેલ છે, અને

(૨) તે પૈકી કોવિડ-૧૯ની સારવાર અને નિયંત્રણ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે?

----